# ખાનગી હોસ્પિટલો શંકાસ્પદ દર્દીઓથી ઉભરાઈ

## સાબરકાંઠામાં સપ્તાહમાં કોરોનાના ૧૦૬ કેસ : આરોગ્ય તંત્ર ચોથી લહેરના કારણે ચિંતીત : તહેવારો દરમ્યાન કેસમાં બમ્પર વધારાની દહેશત

બાયડ, તા.૧૨

સાબરકાંઠામાં એક સપ્તાહમાં સરકારી દફતરે ૧૦૬ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આરોગ્ય તંત્ર જિલ્લામાં ચોથી લહેરના કારણે વધુ ચિંતીત છે. જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં જે રીતે દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહયો છે તે જોતાં શંકાસ્પદ કોરોના કેસમાં તોતિંગ ઉછાળાની સંભાવના વ્યક્ત થઈ છે. જન્માષ્ટમીના તહેવારો દરમિયાન કોરોના સંક્રમણ વધુ બેકાબુ બનવાની દહેશત જોવાઈ રહી છે. જિલ્લામાં પાણીજન્ય અને કોરોનાનો ચેપગ્રસ્ત રોગચાળો સતત વધી રહયો છે જેના કારણે ખાનગી દવાખાના, હોસ્પિટલ, સરકારી દવાખાના દર્દીઓના કારણે ઉભરાઈ રહયા છે. મેડીકલ સ્ટોર આગળ પણ ભીડ થતાં સાબરકાંઠા જિલ્લામાં પ્રજાનું આરોગ્ય વધુ ચિંતાજનક હોવાનું ચિત્ર સામે આવી રહયું છે. જિલ્લામાં વેકસિનેશનની કામગીરી નોંધપાત્ર થઈ હોવા છતાં વેકસીન લીધેલા લોકોમાં પણ ફરી એકવાર કોરોનાની ઝટપમાં આવતાં આરોગ્ય તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ વિસ્તારમાં કોરોનાના કેસ અજગરી ભરડાથી સ્થાનિક ગામડાઓમાં પણ કોરોનાનો ભય જોવા મળી રહયો છે. જિલ્લામાં પાછલા એક સપ્તાહના આંકડા ઉપર નજર કરવામાં આવે તો અધધ.. ૧૦૬ કેસ નોંધાયા છે. આરોગ્ય તંત્રના દફતર ઉપર નોંધાતા કેસ કરતાં ખાનગી આંકડો પાંચથી છ ગણો હોવાની આશંકાને ધ્યાને લેવામાં આવે તો સાબરકાંઠાના આઠ તાલુકામાં અંદાજિત ૭૦૦થી વધુ કોરોનાના પોઝિટિવ કેસ હોવાની દહેશત સેવાઈ રહી છે. છેલ્લા સપ્તાહના કોરોના કેસ ઉપર નજર કરીએ તો તા.૧૦મીએ ૧૭ કેસ, તા.૯મીએ ૧૦, તા.૮મીએ ૮ કેસ, તા.૭મીએ ૧૪, તા.૬ઠ્ઠીએ ૪૫ કેસ, તા.૫મીએ ૧૨ કેસ નોંધાઈ ચુકયા છે.

# બાયડ નગરપાલિકામાં સોસાયટી વિસ્તારોમાં ઘેર..ઘેર તિરંગા લહેરાવ્યા

### કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ દ્વારા ઘરે ઘરે જઈ તિરંગાનું વિતરણ કર્યું



હિંમતનગર, તા.૧૨

દેશમાં આજથી ૩ દિવસ ૧૫ ઑગષ્ટ સુધી હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા અભિયાનની ઉજવણી શરૂ થઈ છે. બાયડ નગરપાલિકા વોર્ડ નં.૧ માં સોસાયટી વિસ્તારોમાં ઘેર ઘેર તિરંગા લહેરાઈ રહ્યા છે. બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ દ્વારા વોર્ડની સોસાયટીઓમાં ૬૦૦ થી વધુ તિરંગાનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું.

અરવલ્લી જિલ્લો આઝાદીના અમૃત મહોત્સવના રંગે રંગાઈ રહ્યો છે. બાયડ પાલિકા વિસ્તારમાં પણ ઘર ઘર તિરંગા અભિયાનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ દ્વારા બાયડના વિવિધ સોસાયટી વિસ્તારોમાં દરેક રહીશને રૂબરૂ મળીને ઘેર..ઘેર તિરંગા અભિયાન બાબતે પ્રોત્સાહિત કરવાની સાથે વિના મૂલ્યે તિરંગો આપી રહ્યા છે અને તા.૧૬ ઑગષ્ટે પૂરા સન્માન સાથે તિરંગાને નજીકની સરકારી શાળામાં જમા કરાવવા માટે પણ જાગ્રત કરી રહ્યા છે. આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ બાયડ નગરપાલિકા વોર્ડ નં.૧ માં ૬૦૦ થી વધુ મિલ્કતો ઉપર તિરંગો લહેરાતાં અદ્ભૂત દેશભક્તિનો માહોલ ઉભો થયો છે. કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલે જણાવ્યું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગાના આહવાન પછી અરવલ્લી જિલ્લામાં પણ હર ઘર તિરંગા અભિયાનને વ્યાપક સમર્થન મળ્યું છે.

# બહોત રાજ કર લિયા મુખ્યમંત્રી પદ પર..અબ પ્રધાનમંત્રી બનના ચાહતા હું

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૧૨

નિતીશકુમાર દ્વારા હમણાંજ બિહારમાં ભાજપ સાથેનું ગઢબંધન તોડવામાં આવ્યું.... શાંત પાણીમાં નિતીશકુમારે કાંકરી ફેંકી તો સરસ મજાના વમળો નીકળવા લાગ્યા અને નિતીશકુમાર મનોમન હરખાવા લાગ્યા. નિતીશકુમારને મુખ્યમંત્રી બનવાનો અભરખો છે તેનાથી ક્યાંય વધુ દેશના પ્રધાનમંત્રી બનવાનો મોટો ચસકો છે!! "હું મારી હોશીયારીથી ૧૭ વર્ષથી બિહારનો મુખ્યમંત્રી બની શકતો હોઉં તો દેશનો પ્રધાનમંત્રી કેમ નહિ?? - શાંત સરોવરમાં કાંકરી નાખવામાં આવી તો નિતીશકુમારની આંખો સમક્ષ આવા વમળો નજરે પડ્યા!!" વર્ષોથી પ્રધાનમંત્રી બનવાનું સપનું તો હતું જ.... તો અત્યારે ઉચિત સમય છે અને રાહુલ ગાંધી, મમતા દીદી, શરદ પવારજી કે કેજરીવાલ પોતાના નામ પ્રધાનમંત્રી તરીકે ભાજપ વિરુદ્ધના ગઢબંધનમાં મૂકી શકતા હોય તો હું તો ૧૭ વર્ષથી બિહારની ગાદી ઉપર છું તો લોકો પહેલા મને પસંદ કરશે.... આ વમળ નીતીશકુમારના મનમાં ચગડોળે ચડ્યું હતું. ભાજપ વિરુદ્ધના ગઢબંધનમાં તેલંગણાના કે. ચંદ્રશેખર રાવનું એક વધુ નામ પ્રધાનમંત્રી પદ માટે બોલાય તે પહેલા પોતાનું નામ ગુંજતું થવું જોઈએ - આ નિતીશકુમારની મુરાદ હતી!! નિતીશકુમાર ને પ્રધાનમંત્રી તરીકેના ઉમેદવાર તરીકે પ્રમોટ તો બીજા આવીને કોણ કરે??? "ઘરના ભુવા ને ઘરના ડાકલા" એ વાત ધ્યાનમાં રાખીને લાલુ યાદવ મંડળીને રાજી કરીને તેમને આવતી ચૂંટણીમાં મુખ્યમંત્રી માટે આગોતરો ટેકો આપવાથી આ લાલુજીની ટોળકી નીતીશકુમારનું પ્રધાનમંત્રી માટે જરૂરથી વાજતે ગાજતે નામ લેશે આ નિતીશજીના મનમાં ખીચડી પાકી રહી હતી.... નિતીશજીને યોગ્ય મોકાની તલાસ હતી. અને જેવો એ મોકો આવ્યો નિતીશકુમારે દેડકાની જેમ ત્રાજવું બદલ્યું!! વિપક્ષના નેતાઓ પોતપોતાના પ્રાંતમાં પોતાની તાકાતોને જોડી દિલ્હી સુધીની સીડી બનાવવા માંગે છે પણ આ સીડી માં વચ્ચેનું એક પગથિયું ખસ્યું એટલે તેઓ તમામ ઠેરના ઠેર છે એ તેઓને ખબર પડતી નથી!!

પ્રધાનમંત્રી બનવા માટે એક નહિ અનેક પરિબળો કામ કરતા હોય છે અને તે તમામ પરિબળો હાલના સમયમાં મોદીજીની જ તરફેણ કરે છે... વિશ્વસનીયતા, રાષ્ટ્રવાદ, ભ્રષ્ટાચાર થી દૂર, વૈશ્વિક છબી, નાગરિકોનું સંરક્ષણ મુદ્દો હોય કે દેશના વિકાસનો મુદ્દો હોય એ તમામ વાતોમાં મોદીજી સૌથી મોખરે છે!! નિતીશજી હોય કે મોદીજી બંને ભ્રષ્ટાચારના મુદ્દે સ્વચ્છ છબીવાળા છે પરંતુ નિતીશજની છબી ઉપર સત્તા માટે વારંવાર ગઠબંધન તોડવા જોડવાનો દાગ લાગી ચુક્યો છે. નિતીશજી સિદ્ધાંતથી ભટકેલું વ્યક્તિત્વ છે એવું દેશભરમાં ચર્ચામાં છે અને સાબિત પણ થઈ રહ્યું છે જ્યારે મોદીજીનું સૌથી મોટું જમા પાસું વિશ્વસનીયતા, સિદ્ધાંત અને રાષ્ટ્રવાદ છે. "દેશભરમાં તો ઠીક પણ પોતાના રાજ્ય બિહારમાં પણ દિન પ્રતિદિન નિતીશજીનો ગ્રાફ ઘટતો જાય છે જ્યારે દેશભરમાં મોદીજીની લોકપ્રિયતાનો ગ્રાફ સતત વધતો જ જાય છે...." નિતીશજી પ્રધાનમંત્રી પદની લાલચમાં બિહારના મુખ્યમંત્રી પદને પણ ગુમાવશે તેવું રાજકીય વિશ્લેષકોનું માનવું છે.

૧૭ વર્ષ સુધી બીજાને બિહારની ગાદી નજીક ના આવવા દેનાર નિતીશજીને એવું ઘમંડ આવી ગયું કે પોતે એક સ્માર્ટ રાજનેતા છે. છેવટે તેઓ લાલુ યાદવની જાળમાં ફસાઈ ગયા, લાલુ યાદવે ફેંકેલી જાળમાં આ મોટી માછલી પકડાઈ ગઈ જે હવે નથી ઘરની રહેવાની કે નથી ઘાટની!! જે વ્યક્તિ અત્યારે વિશ્વભરમાં લોકપ્રિયતાની શિખર ઉપર હોય અને દેશની આશા ઉમ્મીદ હોય તેને નિતીશકુમાર તો શું પણ કેજરીવાલ સહિતની આખી ટોળકી પણ હરાવી શકે તેમ નથી... શત્રુઘ્નસિન્હા જેવા નેતાઓ મોદીજીની લોકપ્રિયતા કે તેમની વિશ્વસનીયતા ઉપર પ્રશ્ન કરતા હોય તેમને દેશની ૨% જનતાનું પણ સમર્થન નથી જ્યારે મોદીજીને ૬૫% થી વધુ લોકો ભારતના પ્રધાનમંત્રી તરીકે હજુપણ જોવા ઈચ્છે છે ત્યાં નિતીશકુમારની તિતુડી ક્યાંથી વાગવાની છે??

# ઉત્તર ગુજરાતના ૪૧ તાલુકામાં વરસાદની હાજરી

## ધાનેરામાં સૌથી વધુ અઢી ઈંચ તો અન્ય તાલુકામાં અડધાથી બે ઈંચ વરસાદ



**ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાક દરમ્યાન વરસાદ**

| તાલુકા | વરસાદ(મીમી) | | |
|---|---|---|---|
| અમીરગઢ | ૩૭ | ઈડર | ૨૦ |
| દાંતા | ૨૪ | ખેડબ્રહ્મા | ૧૬ |
| દાંતીવાડા | ૩૦ | પોશીના | ૪૪ |
| ડીસા | ૨૧ | વડાલી | ૧૨ |
| ધાનેરા | ૬૭ | વિજયનગર | ૧૬ |
| લાખણી | ૨૮ | ભિલોડા | ૨૧ |
| સતલાસણા | ૧૩ | ધનસુરા | ૧૦ |
| વિજાપુર | ૧૨ | માલપુર | ૨૨ |
| હિંમતનગર | ૧૬ | મેઘરજ | ૨૫ |
| | | મોડાસા | ૧૫ |

બાયડ, તા.૧૨

પાછલા ૨૪ કલાક દરમ્યાન હવામાન વિભાગની આગાહી મુજબ ઉત્તર ગુજરાતના ૪૭ પૈકી ૪૧ તાલુકામાં વરસાદની હાજરી જોવા મળી હતી. બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં સૌથી વધુ અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે અન્ય તાલુકાઓમાં અડધાથી બે ઈંચ વરસાદ નોંધાયાનું જાણવા મળ્યું છે. ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦૮૩૪૯૫ હેકટર જમીનમાં ખરીફ વાવેતર સંપન્ન થયું છે. જે કુલ વાવેતરના ૬૫ ટકા જેટલું થવા જાય છે. હજુ કેટલાક તાલુકાઓમાં વાવેતર વિસ્તાર વધી શકે છે. શ્રાવણના આરંભથી ઉત્તર ગુજરાતમાં વરસાદની હાજરી જોવા મળી છે પરંતુ હવે સતત વરસાદી માહોલ ખેતીનું આરોગ્ય બગાડીશકે તેવી દહેશત ઉભી થઈ છે. કેટલાક વિસ્તારોમાં કપાસ, મગફળી સહિતના પાકમાં રોગચાળાનું આગમન જોવા મળ્યું છે તો જન્માષ્ટમીના તહેવારોમાં વરસાદ તહેવારોની રોનક બગાડે તેવી દહેશત પણ પ્રવર્તિ રહી છે. ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાકમાં બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે તેની સરખામણીએ મહેસાણા જિલ્લામાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે.

# બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં નિબંધ સ્પર્ધા યોજાઈ



ભિલોડા,તા.૧૨

બામણા - પુનાષણ મધ્યસ્થ સ્કૂલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બામણા ગામમાં એન.એસ.એસ યુનિટ અંતર્ગત ભારત દેશની આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. ૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન પ્રિન્સિપાલ ડૉ. કે.આર.પટેલના માર્ગદર્શન હેઠળ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. એન.આર.જોષીએ કર્યું હતું.

# નશામાં ચકચૂર બનેલા SRP ડ્રાઈવરે બાઈકને ટક્કર મારી બે યુવકો ગંભીર ઈજાગ્રસ્ત, પત્રકાર પર હુમલો

### અકસ્માતમાં ઈજાગ્રસ્ત યુવકોનું કવરેજ કરવા ગયેલ પત્રકાર પર જવાને જીવલેણ હુમલો કરતા ચકચાર : પત્રકાર પર હુમલો થતા સાર્વજનિક હોસ્પિટલમાં મોટી સંખ્યામાં પત્રકારો ઉમટ્યા

અરવલ્લી, તા.૧૨

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં રાજ્યકક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે રાજ્યકક્ષાની ઉજવણીમાં બંદોબસ્તમાં રહેલા એસઆરપી જવાને નશામાં ચકનાચૂર બની સરકારી વાહન હંકારી જીલ્લા સેવાસદન નજીક બાઈકને અડફેટે લેતા બાઈક સવાર મોડાસાના બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાતા ઘટનાનું કવરેજ કરવા ગયેલા પત્રકાર પર અકસ્માત સર્જનાર એસઆરપી જવાને ગડદા પાટુનો માર મારી બેફામ ગાળો બોલતા ભારે ચકચાર મચી હતી બેફામ બનેલા એસઆરપી જવાન સામે પત્રકારોમાં ભારે રોષ ફેલાયો હતો ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડી રહ્યા છે





અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રાજ્યકક્ષાનો સ્વાતંત્ર પર્વની ઉજવણીના બંદોબસ્તમાં મુકાયેલ એસઆરપી જવાને સરકારી વાહન ભયજનક હંકારી જીલ્લા પોલીસવડા કચેરી નજીક બાઈકને ટક્કર મારતા બે યુવકો અને નશાની હાલતમાં રહેલો એસઆરપી જવાન ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાતા ઘટનાનું કવરેજ કરવા પહોંચેલા પત્રકાર ભરત કડિયાને જોઈ બેકાબુ બની તેમની પર તૂટી પડતા સાથે રહેલા અન્ય એસઆરપી જવાનોએ દારૂના નશામાં માતેલા સાંઢની માફક ભૂરાંટા બનેલ એસઆરપી જવાનને માંડ માંડ કાબુમાં લેતા ભરત કડિયા અને જીલ્લા પોલીસને બેફામ બની બિભસ્ત ગાળો બોલતા હોસ્પિટલમાં ધમાચકડી મચી હતી. નશાની હાલતમાં રહેલા એસઆરપી જવાને પત્રકાર પર હુમલો કરતા મોટી સંખ્યામાં પત્રકારો સાર્વજનિક હોસ્પિટલ દોડી આવ્યા હતા મોડાસા ટાઉન પોલીસ સાર્વજનિક હોસ્પિટલમાં પહોંચી એસઆરપી જવાન સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ધનસુરા ACE ઈન્ટરનેશનલ સ્કુલમાં જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ઉજવણી



ધનસુરા એસીઈ ઈન્ટરનેશનલ સ્કુલમાં જન્માષ્ટમી ના પર્વ નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના પ્રિન્સીપાલ શ્રીમતી રાજકુમારીબેન શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના વિદ્યાર્થીઓ કાનુડો અને વિદ્યાર્થિનીઓ રાધા બનીને કાર્યક્રમમાં ભાગ લીધો હતો તથા આ કાર્યક્રમમાં મટકી ફોડનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો તથા બાળકોને પ્રસાદી પણ વહેંચવામાં આવી હતી. આમ ધનસુરા ઈન્ટરનેશનલ સ્કુલમાં જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

# અડધાથી બે ઈંચ સુધી વરસાદ

## હાથમતી જળાશયમાં ૧૨૦૦ ક્યુસેક પાણીની આવક : ચાર જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણીનો જથ્થો

બાયડ, તા.૧૨

જિલ્લામાં તેમજ તેના ઉપરવાસમાં અડધાથી બે ઈંચ વરસાદ પછી જિલ્લાના નવ જળાશયોમાં પાણીની આવક શરૂ થઈ છે. હાથમતી જળાશયમાં સૌથી વધુ ૧૨૦૦ ક્યુસેક પાણીની આવક પ્રતિ કલાક નોંધાઈ રહી છે. જિલ્લાના ચાર જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણી સંગ્રહીત થયું છે. ઉત્તર ગુજરાત ઉપર લો પ્રેશર સિસ્ટમ હાવી થતાં અનેક વિસ્તારોમાં ઝરમરીયો તો કયાંક ધોધમાર વરસાદ વરસી રહયો છે. જિલ્લાના એકપણ જળાશય હજુ સુધી છલકાયું ન હોવાથી ખેડૂતોમાં ઉચાટ સ્વાભાવિક છે પરંતુ ઓગસ્ટના અંત સુધીમાં જળાશયોમાં પાણીની ધીંગી આવકની સંભાવના પણ દેખાઈ રહી છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન જિલ્લાના પોશીનામાં બે ઈંચ, તેમજ ઈડર અને માલપુર, મેઘરજ, ભિલોડા સહિતના વીસ્તારોમાં સરેરાશ એક ઈંચ વરસાદ નોંધાયો છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં અને ઉપરવાસમાં સાંબેલાધાર બે થી અઢી ઈંચ વરસાદ પછી જળાશયોમાં પાણીની ધીમી આવક શરૂ થઈ છે. જિલ્લા ફલડ વિભાગના જણાવ્યા પ્રમાણે જિલ્લાના વાત્રક, માઝુમ, હાથમતી, જવાનપુરા, હરણાવ, મેશ્વો, વૈડી, ખેડવા અને ગોરઠીયા ડેમમાં પાણીની ધીમી આવક નોંધાઈ છે.

**જળાશયમાં પાણીની આવક**

| જળાશય | આવક (ક્યુસેક) |
|---|---|
| વાત્રક | ૧૭૫ |
| માઝૂમ | ૧૦૦ |
| હાથમતી | ૧૨૦૦ |
| જવાનપુરા | ૩૩૨ |
| મેશ્વો | ૧૨૦ |
| વૈડી | ૪૨૦ |
| ખેડવા | ૨૩૦ |
| ગોરઠીયા | ૩૦૦ |

**ચાર જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણીનો જથ્થો**

| જળાશય | પાણીની ટકાવારી |
|---|---|
| હરણાવ | ૬૭.૧૩ |
| મેશ્વો | ૫૪.૨૫ |
| વૈડી | ૫૮.૬૪ |
| ખેડવા | ૬૦.૬૦ |

# મોડાસા પંથકમાં થયેલા લાખોના રૂપિયાના વિકાસ કામની તપાસ થાય તો પોલ ખૂલે

### કેસરીયા કાર્યકરની મીલીભગતના ગંભીર આરોપ લાગ્યા, અનેક કામમાં વેઠ ઉતાર્યાની ફરિયાદ

ગાંધીનગર, તા.૧૨

મોડાસામાં એ.ટી.વી.ટી., વિવેકાધિન, રાષ્ટ્રીય તહેવાર ઉજવણી સહિતની રૂા.૨૬,૭૫,૦૦૦ની ગ્રાન્ટમાંથી થયેલા વિકાસ કામોની વિઝીલન્સ તપાસ થાય તો પોલ ખૂલી શકે છે. જાણીતા એક કેસરીયા કાર્યકરની મીલીભગતના ગંભીર આરોપ અહીં તહીં લોક ચર્ચાના રૂપમાં સંભળાઈ રહ્યા છે. જ્યારે અનેક કામોમાં એટલી હદે વેઠ ઉતારી છે કે પ્રજાને વિકાસના કામોથી નફરત થઈ જાય.

મળેલી વિગતો અનુસાર મોડાસાના કેટલાક વિસ્તારોમાં વર્ષ-૨૦૨૦-૨૧ દરમ્યાન સી.સી.રોડ, પેવર બ્લોક, ગટર કામ, બ્લોક સહિતના કામો માટે વિવિધ યોજના હેઠળ રૂા.૨૬.૭૫ લાખનું માતબર ભંડોળ ફાળવવા માટે દરખાસ્ત થઈ હતી અને તે પૈકી થયેલા કેટલાક ગટરના કામમાં ચોક્કસ વ્યક્તિનું હિત જાળવવા માટે પ્રયાસ થયો હોય તેવી ફરિયાદ ઉચ્ચ કક્ષાએ થઈ છે. ફરિયાદમાં કેટલું તથ્ય છે તે તપાસ દરમ્યાન બહાર આવી શકે છે. ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરનારે ફરિયાદમાં જણાવ્યું છે કે ગટરના કામમાં સ્થળ ઉપર તપાસ થાય તો અનેક પ્રકારના ગફલા બહાર આવી શકે છે અને આ કામ એક કેસરીયા કાર્યકરની નિગરાની હેઠળ કરવામાં આવ્યા છે. આવનારા દિવસોમાં સદર વિકાસના કામોની અનેક પ્રકારે પોલ ખૂલી શકે છે. અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભાજપનું શાસન હોવા છતાં મોડાસામાં થયેલા લાખોના વિકાસ કામમાં વેઠ વળ્યાના જો આક્ષેપ થાય તો તે બાબત સંગઠન અને સત્તાધિશો માટે શરમજનક બાબત કહી શકાય. પરંતુ આક્ષેપોમાં તથ્ય કેટલું છે તે પણ એટલું જરૂરી છે. અરજદારે કરેલા આક્ષેપમાં ભાથીજી મંદિરની બાજુમાં આર.સી.સી. રોડ બાજુમાં આગમન સોસાયટીના કમ્પાઉન્ડ સુધી ગટરનું કામ, આગમન સોસાયટી થી વેદ્રુના ભવનની દિવાલ સુધી ગટરનું કામ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં ખૂટતી ગટર લાઈનનું કામ તેમજ ખલીકપુર-એમ.આર.આઈ. સેન્ટર પાછળ પેવર બ્લોકનું કામ સહિત અનેક સી.સી.રોડના કામ અંગે ગંભીર આક્ષેપ થયા છે અને ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ મોટાભાગના વિસ્તારોમાં થયેલા કામોમાં કેસરીયા છાવણીના કોઈ કાર્યકરની સંડોવણી છે કે કેમ તે પણ હવે તપાસનો વિષય છે.

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખે જાહેર મંચ ઉપરથી એક સમયે કહ્યું હતું કે ભાજપનો એકપણ કાર્યકર કોન્ટ્રાક્ટર નહીં હોય અને કોઈ કોન્ટ્રાક્ટરની ભલામણ લઈને નહીં આવે પરંતુ અહીંયાં તો બધું જ ઉંધું થતું હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે.

# ચોમાસામાં વૃક્ષો રોપવાનું કાર્ય કરવું જોઇએ

ભિલોડા,તા.૧૨

ભિલોડા તાલુકાના લુસડીયા ખાતે અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રી કૂબેરભાઈ ડિંડોરના અધ્યક્ષ સ્થાને ૭૩ માં જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે પ્રભારી મંત્રી કૂબેરભાઈ ડિંડોરે વન મહોત્સવની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, ચોમાસાની ઋતુમાં આપણા ઘરની આજુબાજુ, ખેતરના શેઢે-પાળે વૃક્ષો રોપવાનું પવિત્ર કાર્ય કરવું જોઈએ. તેમણે કલાયમેન્ટ ચેન્જના પડકારો અને વૃક્ષોનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે, વૃક્ષો મનુષ્યોના જીવનમાં જન્મથી લઈ મૃત્યુ સુધી આપણો સાથ ક્યારેય છોડતા નથી ત્યારે દરેક વ્યક્તિએ વૃક્ષોનું મહત્વ સમજી વૃક્ષો વાવે તે જરૂરી છે.

# પાલનપુરમાં રખડતા પશુઓનો આતંકથી લોકો ભયભીત

### સોનબાગ વિસ્તારમાં રાહદારી મહિલા પર રખડતા પશુનો હુમલો : ઘાયલ મહિલાને સારવાર માટે ખસેડાઇ



પાલનપુર તા.૧૨

પાલનપુર શહેરમાં રખડતા પશુઓનો આંતક વધી રહ્યો હોય લોકોને ઘર બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે જે વચ્ચે શહેરના સોનબાગ વિસ્તારમાં એક રાહદારી મહિલાને એક ગાયે શીંગડા ભરાવી ઈજાઓ પહોંચાડી હતી જોકે ગાયના હુમલામાં ગંભીર ઘાયલ મહિલાને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લા ના વડા મથક પાલનપુર રખડતા પશુઓ પર નિયંત્રણ મેળવવા તંત્ર સરેઆમ નિષ્ફળ રહેતા શહેરમાં રખડતા પશુની સમસ્યા જટિલ બની છે જાહેર માર્ગો અને શેરી મહોલ્લામાં રખડાતા પશુઓના અડિંગા થી લોકોને બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. સોનબાગમાં વિસ્તારમાં સાંજના સમયે રમીલાબેન પ્રમોરકુમાર પરમાર નામનો મહિલા રસ્તા પર પસાર થઈ રહી હતી દરમ્યાન એક ગાયે આ મહિલા પર હુમલો કરી હાથ પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા આ ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી જોકે શહેરમાં અગાઉ ગાય ના હુમલાથી એક વ્યક્તિનું મોત થયું હતું.

# પિલુદા પાટીયા પાસે અજાવ્યા વાહનની ટક્કરથી આધેડનુ મોત

પ્રાંતિજ તા.૧૨

જિલ્લામાંથી પસાર થતાં હાઈવે માર્ગો ઉપર હીટ એન્ડ રનની ઘટનાઓ સતત વધી રહી છે ત્યારે નિર્દોષ લોકોના ભોગ પણ લેવાઈ રહયા છે. સાબરકાંઠા જિલ્લાના ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના પીલુદા પાટીયા પાસે કોઈ અજાવ્યા વાહન ચાલકે કોઈ અજાણ્યા આધેડને ટક્કર મારી આધેડનુ મોત નિપજાવી પોતાનુ વાહન લઈને ભાગી ગયો હતો. નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના પીલુદા પાટીયાથી જેસગપુરા વચ્ચે કોઈ અજાણ્યો વાહન ચાલકે રોડની બાજુમા જઈ રહેલ આધેડને બપોરના સમયે ટક્કર મારી અડફેટ લઈ સ્થળ ઉપર જ અજાણ્યા આધેડનુ મોત નિપજાવી પોતાનુ વાહન લઈને ભાગી ગયો હતો તો પ્રાંતિજ પોલીસને અકસ્માત અંગેની જાણ થતા તાત્કાલીક પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળે દોડી જઈ આધેડ મૃતકને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે ખસેડવામા આવ્યા હતા અને અકસ્માતનો ગુનો નોંધી આધેડ મૃતકના પરિવાર સહિત અજાણ્યા વાહનચાલકની શોધખોળ હાથ ધરી હતી